અનુસૂચિત જાતિના લેખકો, સાહિત્યકારો અને પી.એચ.ડી. ધારકોને તેમના સાહિત્યના પ્રકાશન માટે નાણાકીય સહાયની યોજના અન્વયે પસંદગી સમિતિની રચના કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ- **SJED/ASO/e-file/17/2022/0065/G**
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ-૧૬/૦૧/૨૦૨૪

વંચાણે લીધા : -

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૨/૦૫/૨૦૦૨, તા.૨૭/૦૯/૨૦૦૨ અને તા.૧૭/૦૭/૨૦૦૮ ના ઠરાવ ક્રમાંક: એસસીડબલ્યુ/૧૦૦૧/ન.બા-૧૪/ગ

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૨/૦૧/૨૦૦૯ અને તા.૨૨/૦૯/૨૦૦૯ ના ઠરાવ ક્રમાંક: એસસીડબલ્યુ/૧૦૦૧/ન.બા-૧૪/ગ

(3) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણનો તા.૧૭/૦૬/૨૦૨૩નો પત્ર ક્રમાંક: DSCWG/AWD/e-file/224/2023/1166/CHH

આમુખ : -

વંચાણે લીધેલ ક્રમાંક: (૧) પરના આ વિભાગના તા.૨૨/૦૫/૨૦૨૨ ના ઠરાવથી અનુસૂચિત જાતિના લેખકો, સાહિત્યકારો, સર્જકો, સંશોધકો અને પી.એચ.ડી. ધારકોને તેમના લખાણો તથા સાહિત્યના પ્રકાશન માટે રૂ.૧૦,૦૦૦/- સુધીની નાણાકીય સહાય આપવાની યોજના અમલમાં મૂકવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક: (૧) પરના આ વિભાગના તા.૨૭/૦૯/૨૦૦૨ ના ઠરાવથી આ યોજનાનું નામાભિધાન "મહારાજા સયાજીરાવ ગાયકવાડ દલિત સાહિત્ય પ્રકાશન સહાય યોજના" કરવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક: (૧) પરના આ વિભાગના તા.૧૭/૦૭/૨૦૦૮ ના ઠરાવથી યોજનામાં કેટલીક નવી શરતો ઉમેરવામાં આવેલ છે.

વંચાણે લીધેલ ક્રમાંક: (૨) પરના આ વિભાગના તા.૨૨/૦૧/૨૦૦૯ ના ઠરાવથી આ યોજના અન્વયે પસંદગી સમિતિની રચના કરવામાં આવેલ છે, તેમજ તા.૨૨/૦૯/૨૦૦૯ ના ઠરાવથી પસંદગી સમિતિમાં એક મહિલા સભ્યનો સમાવેશ કરવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક : (૩) પરના પત્રથી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ દ્વારા આ યોજનામાં પસંદગી સમિતિની પુન: રચના કરવા માટે દરખાસ્ત કરવામાં આવેલ છે. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવ</u> : -

પુખ્ત વિચારણાના અંતે આ વિભાગની નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ હસ્તકની અનુસૂચિત જાતિના લેખકો, સાહિત્યકારો અને પી.એચ.ડી. ધારકોને તેમના સાહિત્યના પ્રકાશન માટે નાણાકીય સહાયની મહારાજા સયાજીરાવ ગાયકવાડ દલિત સાહિત્ય પ્રકાશન યોજના હેઠળ લાભાર્થીઓની પસંદગી કરવા માટે નીચે મુજબની સમિતિની રચના કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

(૧) શ્રીમતી વંદનાબેન મનસુખભાઇ મકવાણા, કેશોદ, જિ.જુનાગઢ.

(૨) શ્રી જખુભાઇ પરબતભાઇ મહેશ્વરી, આદીપુર, ગાંધીધામ, જિ.કચ્છ.

(૩) શ્રી સામતભાઇ ડી.પરમાર, નવાગામ ઘેડ, જિ.જામનગર.

(૪) ડૉ.પ્રહ્લાદભાઇ મોહનભાઇ પરમાર, કલાપીનગર, જિ.અમદાવાદ.

ઉપરોક્ત પસંદગી સમિતિએ આ યોજનાનો લાભ મેળવવા માટે રજૂ થયેલ કૃતિઓની ચકાસણી કરીને સહાય મેળવવાને પાત્ર કૃતિઓની પસંદગી કરીને ભલામણ કરવાની રહેશે.

આ ઠરાવ વિભાગની સમાન ક્રમાંકની ફાઇલ પર માન.મંત્રીશ્રી(સા.ન્યા)ની તા.૨૭/૧૨/૨૦૨૩ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

eSign
Signed by: CHIRAGKUMAR RASIKBHAI PATEL
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 16-Jan-2024 (06:18 PM)

( ચિરાગ પટેલ )
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

<u>નકલ રવાના:</u>

- માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા)ના અંગત મદદનીશશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ૪/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર (સમિતિના સભ્યશ્રીઓને જાણ કરવાની વિનંતી સહ.)
- એકાઉન્ટ જનરલ અમદાવાદ / રાજકોટ
- સર્વે જિલ્લા નાયબ નિયામકશ્રી/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (નિયામકશ્રી(અ.જા.ક.) મારફત)
- સેક્શન અધિકારીશ્રી(કોમ્પ્યુટર સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય,ગાંધીનગર તરફ ઠરાવ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ.
- સિલેક્ટ ફાઈલ - ૨૦૨૩